# શાળાના પુસ્તકાલયો વાલીઓ માટે ખુલ્લા મૂકીએ

પુસ્તકને વ્યક્તિનો સાચો મિત્ર ગણવામાં આવે છે. કારણ કે, તેમાં જેવું વિષયવસ્તુ હોય છે તેવું જ તે વ્યક્તિને આપે છે. પ્રેરણાદાયી પુસ્તકો વ્યક્તિને ઘડવામાં, આત્મવિશ્વાસ ખીલવવામાં અગત્યનો ભાગ ભજવે છે. તો વળી વ્યક્તિને જ્ઞાની બનાવનાર સૌથી અગત્યનું પરિબળ સાબિત થયુંહોય તો તે છે પુસ્તકો. પુસ્તકોના સહારે ઘણી વ્યક્તિ પોતાનું જીવન પસાર કરે છે. ક્યાંક ક્યાંક તો નિવૃત્તિ પછી વ્યક્તિનો આધાર-સહારો માત્ર પુસ્તક જ હોય છે. માટે જ પુસ્તકને બાળકનો માર્ગદર્શક, યુવાનનો મિત્ર અને ઘરડાનો સહારો કહી શકાય. પુસ્તક વ્યક્તિને એકલવાયા જીવનથી બચાવે છે. પુસ્તક વ્યક્તિને માત્ર જ્ઞાન જ નથી આપતું, સાથે ગમ્મત અને હૂંફ પણ આપે છે. માટે જ એવું કહી શકાય કે, દરેક વ્યક્તિના ઘરમાં નાનું પુસ્તકાલય હોવું જ જોઇએ. તેમાં પણ શિક્ષકના ઘરમાં તો અવશ્યપણે નાનું રૂપાળું પુસ્તકાલય હોવું જોઇએ. જે શિક્ષકના ઘરમાં નાનું સરખું પુસ્તકાલય ન હોય તે શિક્ષક પર ક્યારેય વિશ્વાસ ન મૂકાય, તેવા શિક્ષકના ઘેર ક્યારેય પોતાની છોકરીને ન પરણાવાય. કારણ કે, જે વ્યક્તિ પોતાના વ્યવસાય માટે વફાદાર ન હોય તે બીજાને ક્યાંથી વફાદાર રહી શકે ? શિક્ષકના વ્યવસાય માટે પુસ્તક તો તેના હાથ-પગ-મન-દિલ વગેરે બરાબર છે. જે શિક્ષક વાંચતો નથી અને લખતો નથી તેને શિક્ષક કહી શકાય? શિક્ષકે પોતે વાંચીને તાજા રહેવાનું છે, સાથે બીજાને વાંચવા માટે પ્રેરણા પણ પૂરી પાડવાની છે.

કેટલીક શાળાના પુસ્તકાલયો ખજાના સમાન હોય છે. પણ તેનો ઉપયોગ ખૂબ જ ઓછો થતો હોય છે. આજનો વિદ્યાર્થી અને શિક્ષક ઇતર કે પૂરક વાંચન કરવામાં ખૂબ જ પાછળ છે. પોતાના વિષય માટે ઉપયોગી અન્ય સંદર્ભ માહિતી પણ ઘણાં શિક્ષકો વાંચતા નથી. તો પછી ઇતર વાંચનની તો વાત જ ક્યાં કરવી? તેવી જ રીતે આજના વિદ્યાર્થીને પણ પરીક્ષામાં પાસ થવા પૂરતું જ વાંચવામાં રસ રહ્યો છે. એવાં અનેક વિદ્યાર્થીઓ છે કે જે પરીક્ષા માટે પણ આખું પાઠ્યપુસ્તક વાંચતા નથી, તેઓ પણ શોર્ટકટ શોધીને ચૂંટેલા પ્રશ્નોના જવાબ ધરાવતું નાનું પુસ્તક વાંચીને ઓછી મહેનતે પાસ થવામાં માને છે. ત્યારે સરકાર દ્વારા હાથ ધરાયેલ “એક સાથે વાંચશે ગુજરાત” શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખાસ પ્રેરણા પૂરી પાડશે.

આજથી ગુજરાત રાજ્યમાં “વાંચે ગુજરાત” કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતના શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ એક સાથે સવારે ૯ થી ૧૦ના સમયે વાંચન કરશે. તે દ્રશ્ય અદભૂત હશે. પરીક્ષા માટે વાંચતા વિદ્યાર્થી કરતાં આજનો વિદ્યાર્થી વધારે રૂડો લાગશે. જેનો અનુભવ આ લેખને ગત સપ્તાહમાં જ થયો. અમદાવાદની ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી હસતાંફૂલ શાળામાં આ લેખને જવાનું થયું. શાળા ખૂબ જ નાની. બધાં બાળકોને શાળાના પટાંગણમાં એક સાથે વાંચતાં જોયા ત્યારે તે પટાંગણ મંદિર કરતાં પણ વધારે પવિત્ર લાગ્યું. લેખને પોતાને પણ તેમાં જોડાવાની આપમેળે પ્રેરણા મળી. ત્યારબાદ વિદ્યાર્થીઓ કયાં પુસ્તકો વાંચે છે, તે જોવાનો પ્રયત્ન કર્યો. તો જાણવા મળ્યું કે, ગુજરાત સરકારે દરેક શાળાને લગભગ ૩૫૦ જેટલાપુસ્તકોનો સેટ ભેટમાં આપ્યો છે. મોટાભાગના પુસ્તકના શીર્ષક જોયાં. ખરેખર પુસ્તકો એકએકથી ચઢિયાતા હતાં. બાળકોને સમૂહમાં એકઠાં કરીને શાળામાં આવેલાં બધાં જ પુસ્તકો ભવિષ્યમાં વાંચવા માટે પ્રેરણા આપી, વાત પૂરી કરી. ત્યાં જ મનમાં ઝબકારો થયો કે, આ પુસ્તકો વાલીઓ પણ વાંચે તો ! સ્ટાફ અને આચાર્યશ્રી સામે વાત મૂકી કે, તમારી શાળામાં આવેલા પુસ્તકોની યાદી એક કાગળમાં

બનાવો અને દરેક વાલી સુધી વિદ્યાર્થી દ્વારા પહોંચાડો. સાથે જણાવો કે, કોઇપણ વાલીને જે પુસ્તક વાંચવું હોય તે પુસ્તક પસંદ કરીને પોતાના બાળક દ્વારા શાળામાંથી મંગાવી લે.

આશા રાખી શકાય કે, પુસ્તકોરૂપી ખજાનો જે શાળામાં સચવાયેલો પડયો છે તે ખુલશે અને તેનો ઉપયોગ વિદ્યાર્થી અને શિક્ષકો કરશે. પણ આ ખજાનાને વાલીઓ માટે પણ ખુલ્લો મૂકવામાં આવે તો સોનામાં સુગંધ ભળી જાય. તેમાં પણ ગ્રામ્ય સ્તરે રહેલી શાળા-કોલેજો આ માટે સારું કામ કરી શકશે. વિદ્યાર્થી દ્વારા વાલી સુધી આ સંદેશો પહોંચાડવામાં આવે કે, અમારા પુસ્તકાલયનો આપ ઇચ્છો ત્યારે ઉપયોગ કરી શકો છો. સાથે પુસ્તકોની યાદી હોય. તો ઘણાં વાલી બાળક સાથે પુસ્તકો મંગાવીને વાંચશે, તો વળી કેટલાક વાલી શાળામાં રૂબરૂ આવીને પુસ્તક પસંદ કરીને લઇ જશે. આમ વાલી શાળામાં આવતો થશે. જો આમ થાય તો શાળાને લોટરી લાગ્યાનો અહેસાસ થશે. આમ થતાં શિક્ષકો અને વાલીઓ એકબીજાની નજીક આવશે. વાલી પણ શાળાથી વધારે પરિચિત થશે. સમાજમાંથી શાળાને જોઇતી મદદ ખૂબ જ સરળતાથી મળશે. કલોલની એક શાળાએ પોતાના વાલીઓને આ રીતે વામચતા કર્યા છે. એટલું જ નહીં એ શાળા દર વર્ષે વાલીઓએ વાંચેલ પુસ્તકોના આધારે વાલીઓનું સન્માન પણ કરે છે. જેમાંથી આપણે સૌએ પ્રેરણા લેવા જેવી છે.

અંતે એક સૂચન. કોઇ બાળકના જન્મ દિવસે જવાનું થાય તો રોકડા રૂપિયાની ભેટ ન આપશો, પણ તેની ઉંમર અને રસને જાણીને કોઇ એક પુસ્તકની ભેટ આપો. જો તમારે હજું પણ વધુ સારું કરવું હોય અને તમારે એ બાળકનો વધારે વિકાસ કરવો હોય તો કોઇ એક મેગેઝિનનું લવાજમ બંધાવી દો. જો આમ કરશો તો દર મહિને તે બાળકના નામનું- સરનામાનું એક મેંગેઝિન તેના ઘેર આવશે, બાળકને એમ થશે કે, મારા નામનું પુસ્તક આવ્યું છે. તે અવશ્યપણે વાંચશે. પછી બીજા વર્ષથી તમે લવાજમ નહીં ભરો તો વાલી ભરશે કે તે બાળક જ કહેશે કે મારા માટે આ મેગેઝિન મંગાવો જ. અનાથી વધારે ઉત્તમ બીં શું હોઇ શકે ? એજ રીતે લગ્ન પ્રસંગે પણ આપ નવ દંપતીને પુસ્તક ભેટ આપી શકો છો. તો તમારા ઘેર આવેલ મહેમાનને પણ પુસ્તક ભેટ આપી શકો છો. ઘરમાં પોતાના પૈસે ખરીદીને વસાવેલા પુસ્તકોનો આનંદ અનેરો હોય છે. તેવો આનંદ કલ્પનાથી નહીં આવે, પુસ્તકો ખરીદીને લાવો પછી ઝ અહેસાસ થશે. આમ કરશો તો ક્યારેક કોઇ સગાં-પરિચિત તમારા ઘેર આવશે ત્યારે તમારા માટે એક જુદા જ પ્રકારની છાપ લઇને જશે. જો વાલી વાંચશે તો તેમના બાળકો પણ આપોઆપ વાંચશે. વાલીએ વાંચવા માટે ક્યારેય કહેવું નહીં પડે. આજનો વાલી એક ઢોંસો ખાવામાં એંસી રૂપિયા ખર્ચવામાં ગૌરવ અનુભવે છે, ત્યારે એ ગૌરવ એંસી રૂપિયાનું પુસ્તક ખરીદવામાં બદલાય તેવી અપેક્ષા સહ......